**ફોજદારી પરચુરણ અરજી નંબર–૧૯૭/૨૦૨૬**

**ફોજદારી કેસ નંબર ૧૭૩૯/૨૦૨૬**

**મોરબી એ ડીવી. પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૮૯૦૦૩૨૫૨૦૯૨,ના કામે બી.એન.એસ.કલમ–૩૧૬(૫),૩૧૮(૪),૬૧(૨),૫૪,૩૧૭(૨) મુજબના ગુનાના કામે આરોપી (૧) ભરતભાઈ પરસોતમભાઈ બારડ રહે.નવલખી રોડ રણછોડનગર ગરબી ચોક વાળાની જામીન અરજી તળે હુકમ ::–**

..............................................................................................................

આરોપી તરફે રજૂ કરેલ સદર અરજી તથા સદર અરજી તળે એ.પી.પી.શ્રી એમ.આઈ.ચીસ્તી નાઓએ કરેલ શેરો તથા કેસ પેપર્સ તથા આરોપી તર્ફે વિ.વ.શ્રી ડી.આર.અગેચણીયાનાઓને તેમજ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓને સાંભળ્યા.

આરોપી/અરજદાર તરફે સદર અરજીમાં જણાવેલ કારણો અન્વયે વિ.વકીલશ્રી ડી.આર.અગેચણીયા નાઓએ રજૂઆત કરેલ છે કે,હાલના કામના આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને સદર કામમાં તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને નામદર કોર્ટમાં ચાર્જશીટ રજુ થઈ ગયેલ છે. જેનો નંબર સી.સી.નંબર ૧૭૩૯/૨૦૨૬ આપવામાં આવેલ છે.વધુમા,જણાવેલ છે કે,હાલના આરોપીની અગાઉ જામીન અરજી નામદાર કોર્ટ દ્વારા ના–મંજુર કરેલ છે.હાલના આરોપી મોરબી મુકામે રહે છે આરોપી કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી. આરોપી/અરજદારો કુટુંબ કબીલા વાળા છે.તેમજ કુટુંબમાં એકમાત્ર કમાવનાર વ્યકિત છે.આરોપીઓ કયાંય નાસી ભાગી જાય તેમ ન હોય આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા અરજ કરી હાલની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રીનાઓએ સદર અરજીને પડકારતા જામીન અરજીને પડકારતા એવી રજુઆત કરેલ છે કે, આરોપી સામે **બી.એન.એસ.કલમ–૩૧૬(૫),૩૧૮(૪),૬૧(૨),૫૪,૩૧૭(૨) મુજબના** બિનજામીન પાત્ર ગુનાનો આક્ષેપ છે. સદર ગુનો કોગ્નીઝેબલ અને બીનજામીન પાત્ર હોય અને સદર આક્ષેપાયેલ ગુનામાં સજાની જોગવાઈ જોતાં આજીવન સજાને પાત્ર ગુનો હોય હાલના આરોપીને જામીન મુકત કરવા સામે સખ્ત વાંધો લઈ જામીન અરજી નાંમજૂર કરવા અરજ

કરેલ છે.

ઉભય પક્ષે થયેલ દલીલો તથા આરોપી તર્ફે રજૂ થયેલ સદર અરજીના કારણો, આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો બી.એન.એસ.કલમ–(બી),૩૧૬(૫), ૩૧૮(૪),૬૧(૨),૫૪,૩૧૭(૨) મુજબનો છે.જેમાં બી.એન.એસ.કલમ–૩૧૬(૫) વંચાણે લેતાં સદર ગુન્હામાં ૧૦ વર્ષ અથવા આજીવન સજાને પાત્ર ગુનો હોય, તેમજ હાલના આરોપીઓની જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા ના–મંજુર કરવામાં આવેલ છે અને સદર કામમાં આરોપીઓ તરફે રજુ થયેલ સદર અરજીમાં કે આરોપી તરફે થયેલ દલીલમાં ચાર્જશીટ પહેલાના સંજોગોમાં અને ચાર્જશીટ થયા બાદના સંજોગોમાં શું ફેરફાર થયેલ છે તે બાબતે કોઈ રજુઆત કરેલ નથી.માત્રને માત્ર ચાર્જશીટ થવાનાં કારણે આરોપીઓની જામીન અરજી મંજુર થવા પાત્ર થઈ જતી નથી.વધુમા,સદર કામમાં આક્ષેપાયેલ ગુનામાં સજાની જોગવાઈ ધ્યાને લેતાં મહતમ આજીવન અથવા ૧૦ વર્ષ સજાને પાત્ર ગુનો હોય, સદર આક્ષેપાયેલ ગુનાની ગંભરીતા તથા સજાની જોગવાઈ તેમજ ગુનાના આચરણનાં કારણે શહેરમાં કાયદો અને વ્યવસ્થા ઉપર થતી નકારાત્મક અસર ધ્યાને લેતાં સદર અરજી તળે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપી તર્ફે રજૂ કરેલ સદર જામીન અરજી નામંજૂર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૦૯મી,માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ : મોરબી

બી.વી.સંચાણીયા
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,મોરબી.
જીજે ૦૦૭૪૫